HOW TO TEACH NUMBERS.

(1—200)

संख्या प्रवेश.

BY

A. R. DESAI.

અ. ર. દેશાઈ.

અંકગણિત.

संख्या प्रवेश.

રચી પ્રસિદ્ધ કરનાર,

અ. ર. દેશાઇ.

અમદાવાદ.

ગુજરાત ગેઝેટ પ્રેસ.

સંવત ૧૯૫૫. સન ૧૮૯૯.

પ્રસ્તાવના.

આજ સુધી બાળ વર્ગમાં જે પદ્ધતિથી સંખ્યા અને આંક શીખવાય છે, તે પદ્ધતિ ઉપર વિચાર કરતાં સર્વને ખાત્રી થશે કે તેથી સંખ્યાઓનો બાળકના મનમાં યથાસ્થિત ચિતાર આવતો નથી. સો તે કેટલી રકમ, પચાસ તે તેનાથી કેટલી નાની, હજાર રૂપીઆ કેવડા વાસણમાં માય, પાંચસેં કચૂકા કેવડી કોથળીમાં સમાઈ રહે, વળી તે શું ને શાને માટે ઉમેરવા કે બાદ કરવા, ઈત્યાદિ છોકરાઓની કલ્પનામાં બીલકુલ ઉતરતું નથી. અને ઘણી મોટી ઉમરે વ્યવહારમાં શીખ્યા પછી તેને તે ખબર પડે છે, અને તેટલાકને તો આખર સુધી ત્રણ ચોક બાર, અને ચારતરી બાર, એમાં શો ફેર અને આંકનો શો ઉપયોગ છે, તેનું ભાનજ હોતું નથી; કારણ કે ચાલતી પદ્ધતિથી બાળકના મનની શક્તિ કેળવાઈને વિસ્તાર પામતી નથી.

તે ખામી કાઢી નાંખવાનો આ પ્રયત્ન છે. અને જર્મની અમેરિકા, ઈંગ્લાંડ, વગેરે સુધરેલા દેશોની શીખવવાની નવી દાખલ કરેલી પદ્ધતિઓમાંથી આ દેશમાં, આપણાં છોકરાંના મનને રૂચે, અને આપણી પદ્ધતિથી બહુ વિરૂદ્ધતા ન લાગે, તેવી સરળ સૂચનાઓ અને પદ્ધતિ દર્શાવનારાં પુસ્તકોની જરૂર છે; પુસ્તકો હાથમાં આપ્યા સિવાય બધા શિક્ષકો શીખવવાની પદ્ધતિમાં સુધારો કરી શકે નહિ.

આપણા દેશના બાળ વર્ગને શીખવનારા શિક્ષકો સાધારણ જ્ઞાન અને અક્કલવાળા હોય, તેથી આ પુસ્તકમાં કેટલીક રીતો શીખવવાને વિસ્તારથી સવાલોનાજ રૂપમાં ગોઠવી પાઠો તૈયાર કરી આપવા પડયા છે. તેજ પ્રમાણે તેમણે બીજા પાઠો તૈયાર કરવા, એ કામ અઘરૂં નહિ પડે.

૧ થી ૨૦૦ સુધીની સંખ્યા, અને તેટલીજ સંખ્યામાં આવનારા આંકનો આ પુસ્તકમાં સમાવેશ છે. ઉમેરવાની કે બાદ કરવાની રકમ ૧૦ થી વધારે રાખી નથી.

નિશાળમાં દાખલ થયા પછી બે વર્ષનો આ અભ્યાસ ધારેલો છે.

સંખ્યા લખતાં અને વાંચતાં શીખવવાની, સરવાળા બાદબાકીનો બરાબર ચિતાર આપનારી (૯૯૯ વસ્તુઓ સહિત) પેટીઓ અમે તૈયાર કરાવી છે. તે કેમ વાપરવી તેનું સૂચનાપત્ર તેની સાથે છે. છોકરાંઓને પાકી સમજણ પડવા સારૂ તે વાપરવી એ ખાસ અગત્યનું છે. કર્તા પાસેથી ૯૯-થી ૯૯૯ સુધીની ૧૦ માંથી ગમે તેવડી પેટી મગાવવાથી મળશે. તેનું નામ 'સંખ્યા શિક્ષક.'

જેમની પાસે આ પેટીઓ ન હોય તેમણે કોથળીઓ, કૂચુકા, અને ટેબલનાં કે બીજા લાકડાનાં ખાનાં વાપરવાં.

સંખ્યા પ્રવેશ.

સૂચના ૧.

૧. વસ્તુઓ હાજર રાખ્યા વિના પાઠ શરૂ કરવો નહિં.

૨. આ પાઠોમાં જે વસ્તુઓ લખી છે, તે ન હોયતો જે વસ્તુઓ હાજર હોય તે વિષે સવાલો ફેરવીને પૂછવા.

૩. એક સવાલ પકકો ઠસ્યા વિના આગળ ચાલવું નહિ. જૂદા જૂદા છોકરાઓ ને સવાલો પૂછવા, અને બધાને તે ઉપર ધ્યાન અપાવવું.

૪. આ બધા સવાલો ઉલટ પાલટ પૂછી બરાબર મનમાં ઠસાવવા. અને વખત પ્રમાણે તેવી રીતના બીજા પૂછવા; પરંતુ પાઠના વિષયની હદથી આગળ વધવું નહિ.

૫ એક ઉમેર્યા સિવાય સંખ્યાઓ બનતી નથી, માટે દસ સુધી પહોંચતાં દરેક પગથીએ એક ઉમેરતાં ને બાદ કરતાં શીખવવાનું છે, તે ધ્યાનમાં રાખવું.

અભ્યાસ પાઠ ૧. 'એક'.

૧. (એક છોકરાને ઉભો કરીને) કેટલા છોકરાઓ ઉભા થયા છે? એક.

૨. એણે કેટલી ટોપીઓ પહેરેલી છે?

૩. તું ઘેરથી કેટલી સ્લેટો લાવ્યો છે?

૪. તારે મોં કેટલાં છે? માથાં કેટલાં છે?

૫. આ કચૂકાની ઢગલીમાંથી એક કચૂકો લે.

૬. તું પણ એક લે.

૭. દરેક જણ એકેકો લઈ લ્યો.

૮. તું મને એક પેન આપ.

૯. (બીજાને) તું પણ મને એક પેન આપ.
૧૦. (ત્રીજાને) તું પણ એક આપ.
૧૧. મારા હાથમાંથી એક પેન લે.
૧૨. તું પણ એક લે. તું પણ એક લે.
૧૩. મારા હાથમાં કેટલી ચોપડીઓ છે?
૧૪. મેં કેટલી આંગળીઓ ઉંચી કરી છે?
૧૫. તું બીજા વર્ગમાં જઈને એક છોકરાને બોલાવી લાવ.
૧૬. આ બારણાનું એક કમાડ બંધ કર.
૧૭. આ ટેબલના એક ખુણા ઉપર એક ચોપડી મૂક.
૧૮. તારો એક હાથ ઉંચો કર.
૧૯. આ લખેલા અક્ષરમાંથી એક અક્ષર ઢાંક.
૨૦. ગાયને પૂછડાં કેટલાં હોય? ઘોડાને કેટલાં? ભેંસને કેટલાં?

અભ્યાસ પાઠ ૨. 'બે'.

૧. મારા હાથમાં એક ચોપડી છે. આ બીજી લીધી. હવે કેટલી થઈ? બે
૨. મોતીલાલ તું ઉભો થા. છોટાલાલ તું પણ ઉભો થા. આપણા વર્ગમાં કેટલા છોકરા ઉભા છે?
૩ તમારા બેમાંથી એક જણ બેસી જાઓ. હવે કેટલા ઉભા છે?
૪. તારે હાથ કેટલા છે? બે હાથ ઉંચા કર
૫. બે આંગળીઓ ઉંચી કર
૬. પાટીઆ ઉપર બે લીટીઓ કહાડો.
૭. બે ચોકડીઓ કહાડો.
૮. આ ઢગલીમાંથી દરેક જણ બબ્બે કચૂકા લઈ જાઓ.
૯. ટેબલના બે ખૂણાપર એકેકી ચોપડી મૂકો.
૧૦. બહારથી બે કાંકરા લઈ આવો
૧૧. એક હાથે ચોપડી ઝાલો. હવે બે હાથે ઝાલો.

૧૨. ખુરસીના બે પાયા ઉપર ચાકથી નિશાની કરો.
૧૩. આ બારણાનાં બે કમાડ બંધ કર. તેમાંથી એક ઉઘાડ. હવે બીજું ઉઘાડ.
૧૪. ગાયને શીંગડાં કેટલાં હોય?
૧૫. બે આંખો બંધ કર. હવે એક આંખ ઉઘાડ. બન્ને ઉઘાડ.
૧૬. મેં કેટલી આંગળીઓ ઉંચી કરી છે? હવે કેટલી?
૧૭. મેં આ ટેબલ ઉપર કેટલા ટકોરા માર્યા?
૧૮. બે જણ ઉભા થાઓ. બેસી જાઓ. હવે બીજા બે ઉભા થાઓ. બેસી જાઓ.
૧૯. આ બોરની ઢગલીમાંથી બબ્બે બબ્બે જૂદાં કહાડો, ને એકેક છોકરાને બબ્બે આપો.
૨૦. એક પેનમાં એક પેન ઉમેરીએ તો કેટલી થાય?
૨૧. બેમાંથી એક લઈ લઈએ તો કેટલી રહે?
૨૨. બેમાંથી બે લઈ લઈએ તો કેટલી રહે? એકમાંથી એક લઈએ તો કેટલી રહે?

અભ્યાસ પાઠ ૩. 'ત્રણ'.

બે પ્રમાણે આ પાઠ તૈયાર કરાવવો. તેમાં નીચે પ્રમાણે સવાલો જરૂર આવવા જોઈએ.

૧. આ બે લખોટીઓ છે, તેમાં એક નાંખું તો કેટલી થાય?
૨. પાટીઆ ઉપર ત્રણ આડી લીટીઓ કહાડો, ત્રણ ચોકડીઓ કહાડો, ત્રણ ઉભી લીટીઓ કહાડો.
૩. ત્રણ આંગળીઓ ઉંચી કરો. મેં કેટલી આંગળીઓ ઉંચી કરી છે?
૪. આ ઢગલીમાંથી ત્રણ ત્રણ બોર દરેક જણ લ્યો.
૫. આ લખોટાના યંત્રમાં દરેક હારમાં જમણી તરફ ત્રણ ત્રણ લખોટા લઈ જઈને ગોઠવો. ઈત્યાદિ.

૬. આ પેટીમાં કેટલાં ચકતાં છે?
૭. એમાં એક ઉમરીએ તો કેટલા થાય? બે ને એક?
૮. ત્રણમાંથી એક લઇએ તો શું રહે?
૯. ત્રણ તે બેથી કેટલા વધારે? બે તે એકથી કેટલા વધારે?
૧૦. ત્રણથી એક ઓછો તે કેટલા?
૧૧. એકથી ત્રણ સુધી બોલી જાઓ.
૧૨. ત્રણથી એક સુધી અવળા બોલી જાઓ.
૧૩. ત્રણમાંથી ત્રણ લઈએ તો કેટલા રહે? (ઇત્યાદિ સવાલો પહેલાં વસ્તુઓ લઇને, અને પછી સાદી સંખ્યાથી પૂછવા.)

અભ્યાસ પાઠ ૪. 'ચાર.'

એક, બે, ત્રણ, પ્રમાણે ગણવાનો મહાવરો કરાવવો. વળી ત્રીજા પાઠને છેડે આપેલા સવાલો પ્રમાણે એકથી ચાર સુધી એક એક ઉમેરતાં અને બાદ કરતાં શીખવવું. અને એકથી ચાર સુધી ઉલટા સુલટા બોલાવવા.

અભ્યાસ પાઠ ૫. 'પાંચ'.

એક, બે, ત્રણ, ચાર, પ્રમાણે ગણવાનો મહાવરો કરાવવો; અને એક ઉમેરતાં અને બાદ કરતાં શીખવવાને સંખ્યાઓ ઉલટી સુલટી બોલાવવી, તથા મોટી નાનીની સમજણ પાડવી.

અભ્યાસ પાઠ ૬. 'છ'.

ઉપર પ્રમાણે.

અભ્યાસ પાઠ ૭. 'સાત'.

ઉપર પ્રમાણે

અભ્યાસ પાઠ ૮. 'આઠ'.

ઉપર પ્રમાણે

અભ્યાસ પાઠ ૯. 'નવ.'

ઉપર પ્રમાણે.

અભ્યાસ પાઠ ૧૦. 'દસ.'

ઉપર પ્રમાણે.

સૂચના, ૨, નિશાનીઓ, આંકડા.

એકમ રાખવાની એક ડાબડી લેવી, અને તેની કાળી રંગેલી બાજુ છોકરાના સામી રાખીને તે ટેબલ ઉપર મૂકવી (તેના ઉપર આંકડો બરાબર ન લખી શકાય તો દશક રાખવાનો એક ડબો, કાળી બાજુ છોકરાં સામી રાખી ઉભો મૂકવો, અને તેના ઉપર આંકડા માંડવા તે ડબા ઉપર એકમની ડાબડી મૂકવી.) તેમાં એક ચકતું છોકરાઓ જોઇ શકે તેમ ઉભું મૂકવું પછી છોકરાઓને પૂછવું.

'આમાં કેટલાં ચકતાં છે?'

"મારૂ એક છે; એક ચીજ બતાવવાને '૧' આવી નિશાની કઢાય. તેનું નામ એકડો આમાં એક ચીજ છે, માટે તે બતાવવાને આ પેટીની બહાર હું એકડો કહાડું છું. અને પાટીઆ ઉપર પણ કહાડું છું." એમ શીખવી છોકરાઓ પાસે વારા ફરતી પાટીઆ ઉપર અને દરેક જણ પાસે પોતપોતાની સ્લેટમાં એકડો કઢાવવો.

પછી એકમની ડાબડીમાં બીજું ચકતું મૂકવું અને ૨ (બગડો) શીખવવો.

એ પ્રમાણે આગળ ચાલીને નવ સુધીની બધી નિશાનીઓ શીખવવી.

વિશેષમાં એ શીખવવું કે એ નિશાનીઓ કાંઈ એકલાં ચકતાં માટેજ વપરાતી નથી. દરેક ચીજ તેનાથી બતાવાય. એકલો આંકડો કહાડયો હોય તો સાદી સંખ્યા છે એમ સમજવું, દરેક ચીજને તે લાગુ પાડી શકાય

પછી બધાં ચકતાં લઈ લેવાં. અને ખાલી ડાબડી પાછી મૂકવી. અને તમાં કશું નથી, માટે એકે વસ્તુ નથી એમ બતાવવાને ૦ આવી નિશાની વપરાય છે તે શીખવવું. તેનું નામ મીંડું, અથવા શૂન્ય.

નવ થઈ રહ્યા પછી છોકરાંઓને કહેવું કે "નવમાં એક ઉમેરીએ તો દશ થાય.

'અને આ એકમની ડાબડીમાં નવથી વધારે ચકતાં સમાતાં નથી, માટે તેમાં એક ઉમેરવો હોયતો એ નવે ચકતાં એકમની ડાબડીમાંથી લઈ, તેમાં એક ઉમેરી, દસ ચકતાં સમાય એવડી આ ડાબડી છે તેમાં ભરવાં; અને તેમાં દશ ચકતાં છે માટે તેનું નામ દશકની ડાબડી. તેવી આપણી પાસે એક ડાબડી થઈ, તે ડાબડી આ દશકની ડાબડીઓ રાખવાના ડબામાં મૂકવી, અને તે દશકનો ડબો એકમની ડાબડીની ડાબી તરફ મૂકવો."

દશકના ડબામાં દશકની એક ડાબડી છે માટે તે ડબાની બાજૂ ઉપર એકડો લખાવવો, અને એકમની ડાબડીમાં કશું ન રહ્યું માટે તેની બાજુ ઉપર મીંડું લખાવવું. એ પ્રમાણે દશની નિશાની શીખવવી. અને તે પાટીઆ ઉપર ડબાઓના સ્થાન પ્રમાણે મુકાબલો કરીને લખી બતાવવી, અને છોકરાઓ પાસે લખાવવી.

આ વખત શીખવવું કે નવથી વધારે વસ્તુઓ થાય તો તે સંખ્યા એક આંકડાથી બતાવી શકાય નહિ. ૨ આંકડાથી લખાય.

ડાબી તરફ એકડો છે તે દશકની ડાબડીઓ માટે, અને જમણી તરફ જે શૂન્ય મૂક્યું છે તે છૂટા એકમને માટે છે તે તેમના મનમાં બરાબર ઉતારવું.

એ પ્રમાણે એકથી દશ સુધીની સંખ્યાનો તથા તેની નિશાનીઓનો પક્કો મહાવરો કરાવવો.

ચકતાં ને માટે કચૂકા, અને એકમને દશક રાખવા માટે લાકડાનાં બનાવેલાં ખાનાં અને દશક ભરવાને કોથળીઓ પણ વાપરી શકાય.

એક ચીજનો એકડો એકડે, એક, ૧ } એ પ્રમાણે શીખવવું
બે ચીજનો બગડો, બગડે બે, ૨.

	કાંઇ નહિ.	૦.
૦	એક.	૧.
૦ ૦	બે.	૨.
૦ ૦ ૦	ત્રણ.	૩.
૦ ૦ ૦ ૦	ચાર.	૪.
૦ ૦ ૦ ૦ ૦	પાંચ.	૫.
૦ ૦ ૦ ૦ ૦ ૦	છ.	૬.
૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦	સાત.	૭.
૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦	આઠ.	૮.
૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦	નવ.	૯.
૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦	દસ.	૧૦.

અભ્યાસ પાઠ ૧૧.

એકથી દસ સુધી પરચુરણ સવાલો.

૧. ૨ અને ૪ ની વચ્ચેનો આંકડો કયો? ૬ ને ૮ ના વચ્ચે? ૫ ને ૩ ની વચ્ચેનો કયો?
૨. ૫ થી મોટી રકમો બધી બોલી જાઓ.
૩. ૩ ને ૭ વચ્ચેના આંકડા નાનાથ શરૂ કરીને બોલો.
૪. ૮ થી મોટી અને ૧૦ થી નાની એવી રકમ કઈ?
૫. ૨ વધારે કે ૪? ૪ કે ૬? ૭ કે ૫? ૯ કે ૮? ૧૦ કે ૭? ૫ કે ૩? ૬ કે ૭?
૬. ત્રણમાં એક ઉમેરતાં કઈ રકમ આવે? ૭ માં? ૯ માં? ૨ માં? ૫ માં? ૮ માં?
૭. સાતમાંથી એક લઈ લઇએ, તો શું રહે? પાંચમાંથી? દસમાંથી? આઠમાંથી? ત્રણમાંથી?
૮. તું પાંચ વરસનો છે, મોતીલાલ ૭ વરસનો છે, કોણ મોટું?
૯. મારી પાસે સાત પૈસા છે. તારી પાસે પાંચ છે, કોની પાસે વધારે છે?
૧૦. મને બીજું એક પતાસું મળે તો ૭ પતાસાં થાય, મારી પાસે કેટલાં છે?
૧૧. ૫ માં કેટલી લખોટીઓ ઉમેરતાં ૬ લખોટીઓ થાય?
૧૨. ૯ માંથી કેટલા લેતાં ૮ રહે? ૯ તે ૮ થી કેટલા વધારે?
૧૩. હું કોઇને એક લખોટી આપી દઉં તો ૪ રહે મારી પાસે કેટલી છે?
૧૪. કેટલી સંખ્યા સુધી એક આંકડાથી લખાય? ૦ એટલે શું?
૧૫. ૧૦ એમાં પહેલો એકડો તે શું? ને ૦ તે શું?
૧૬. દશક રાખવાનો ડબો એકમની ડાબડીથી હમેશાં કઈ

બાજુએ મૂ.ાય ? એ બેની વચ્ચે કશું મૂકાય ?

૧૭. પહેલું મીડું ને પછી એકડો લખ્યો હોય, તેનો શો અર્થ થાય ?

૧૮. ૧૦ થી શરૂ કરીને એકેક એકો કરીને બોલી જાઓ.

૧૯. મારી પાસે ૫ પૈસા છે. તે પાંચે કોઈને આપી દઉં તો મારી પાસે શું રહે ? જે રહે તે પાટીઆ ઉપર લખી બતાવો.

૨૦. આ લખોટીઓ લ્યો. દરેક હારમાં ૭ ૭ ગોઠવો. કેટલી હારો થઈ ? હવે નવ નવ ગોઠવો. કેટલી હારો થઈ ? ઈત્યાદિ.

અભ્યાસ પાઠ ૧૨. પહેલો, બીજો, ૯૦

(ચકતાંની હાર ગોઠવીને)

૧. આપણે આ બાજુથી પહેલું ચકતું ગણવા માંડીએ, તો એની પાસેનું કેટલામું કહેવાય ?

૨. બીજાની પાસેનું કેટલામું ? ત્રીજાની પાસેનું કેટલામું ? (એ પ્રમાણે દસમા ચકતા સુધી શીખવવું.)

૩. તું ચોથું ચકતું બતાવી જા. તું છઠ્ઠું બતાવ.

૪. આ કેટલામું ચકતું છે ? આ કેટલામું ?

૫. તું પહેલાં બે ચકતાં લે. હવે ત્રીજું લે.

૬. પહેલાં ૪ ચકતાં બતાવી જા.

૭. તું ચોથું ચકતું બતાવી જા.

૮. નવમા ચકતાનો રંગ કેવો છે ?

૯. નવ ચકતાં એટલે શું ? ને નવમું ચકતું એટલે શું ?

૧૦. પહેલેથી પાંચ છોકરા ઉભા થાઓ. પંચમો બેસી જાય.

૧૧. તું સાતમો નંબર થાય, તેમ બેસ.

૧૨. નવમો નંબર કોણ છે ? આઠમો કોણ ?

૧૩. હીરાલાલનો નંબર કેટલામો છે ?
૧૪. પહેલી હારમાં આ ઠેકાણેથી પહેલો ગણતાં છઠ્ઠો નંબર કોણ થાય ?
૧૫ બીજી હારનો ચોથો કયો ? ત્રીજી હારમાં નવમો કયો?
૧૬. આ ચકતાંની હારમાં, આ ઠેકાણેથી પહેલું ગણીએ, તો આ ચકતું કેટલામું થાય ?
(આ ઠેકાણે શીખવવું કે સાધારણ હાર ગોઠવી હોય તો પહેલું ક્યાંથી ગણવું તે ગણનારની સવડ ઉપર છે.)
૧૭. તારી ગલીમાં પેસતાં ડાબા હાથ તરફ પહેલું ઘર કોનું છે ?
૧૮. જમણે હાથે પાંચમું ઘર કોનું છે ?
૧૯. આપણી નિશાળનાં પગથીઆં ઉપર ચઢતાં ત્રીજું પગથીઉં કયું ?
૨૦. ઉતરતાં ત્રીજું પગથીઉં કયું ?

અભ્યાસ પાઠ ૧૩.

૨ ના વિભાગ; ૨ ઉમેરવા ને બાદ કરવા.

૧. એક ચકતામાં બીજું એક નાંખીએ તો કેટલાં થાય ?
૨. કેટલીવાર એક એક ચકતું લઇએ તો બે ચકતાં થાય?
૩. બે ચકતાં ઉમેરવાં હોય, તો પહેલું એક ઉમેરીને પછી કેટલાં ઉમેરવાં ?
૪. ૪ ચકતાં છે; તેમાં પહેલું એક ઉમેરીને પાછું એક ઉમેર; કેટલાં ઉમેરાયાં ? ને કેટલાં થયાં ?
૫. બે ચકતાંમાં બીજાં ૨ ઉમેરીએ તો કેટલાં થાય ?
૬. એકમાં બે ઉમેરીએ તો કેટલાં થાય ? ૨ માં ? ૩માં? ......૮ માં ?

૭. એ ચકતાં લઇ લેવાં, અથવા બાદ કરવાં હોય, તો કેટલીવાર એક એક લેવું ?

૮. ૯ માંથી બે વાર એક એક લ્યો. ૯ માંથી બધાં મળીને કેટલાં ચકતાં લીધાં ને શું રહ્યું ?

૯. ૧૦ માંથી બે લેતાં કેટલાં રહે ? ૯ માંથી ? ૮ માંથી? ......૨ માંથી?

૧૦. એક ને બે ? ૨ ને ૨ ? ૩ ને ૨ ? ૪ ને ૨ ?...... ૮ ને ૨ ?

૧૧. કેટલામાં ૨ ઉમેરતાં અનુક્રમે ૩, ૪, ૫, ૬,...... ૧૦, થાય ?

૧૨. ૧, ૨, ૩,...૮ માં કેટલાં ઉમેરીએ તો અનુક્રમે ૩, ૪,......૧૦ થાય ?

૧૩. ૧૦, ૯, ૮,......૩ માંથી કેટલાં લઇ લેતાં અનુક્રમે ૮, ૭,......૧ રહે ?

૧૪. કેટલામાંથી ૨ લેતાં અનુક્રમે ૧, ૨, ૩,......૮ રહે ?

૧૫. મને ૨ ટોપીઓ વધારે મળે તો મારી પાસે ૪ થાય, મારી પાસે કેટલી છે ?

૧૬. મારા બાપાએ મને ૫ કેરીઓ આપી અને મારી બાએ ૨ આપી. મારી પાસે કેટલી થઈ ?

૧૭. મેં મારા ભાઇને બે કેરીઓ આપી, એટલે મારી પાસે ૬ રહી મારી પાસે કેટલી હતી ?

૧૮. મારી પાસે ૪ પતાસાં છે, બીજાં કેટલાં મળે તો ૬ થાય ?

૧૯. કેટલી લખોટીઓમાં બીજી બે નાંખીએ તો ૯ થાય?

૨૦. કાલે મારી પાસે ૯ પૈસા હતા, આજ ૭ છે. મે કેટલા વાપર્યા ?

અભ્યાસ પાઠ ૧૪.

ત્રણના વિભાગ; ઉમેરવા, ને બાદ કરવા.

(નીચેના સવાલો પહેલાં વસ્તુઓથી અને પછી સાદી સંખ્યાથી પૂછવા. ઉપરના પાઠ પ્રમાણે.)

૧. બેમાં એક ઉમેરીએ તો કેટલા થાય ?
૨. ૧ માં, ૨ માં, કેટલા ઉમેરીએ તો ૩ થાય ?
૩. ત્રણ ઉમેરવા હોય તો એક, એક, એમ કેટલીવાર ઉમેરવા ?
૪. પહેલા બે ઉમેર્યા. પછી કેટલા ઉમેરીએ તો ૩ ઉમેરાય?
૫. પહેલો એક ઉમેર્યો. હવે કેટલા ઉમેરીએ તો ૩ ઉમેરાય ?
૬. ત્રણ બાદ કરવા હોય, તો એક, એક, કેટલીવાર બાદ કરવો?
૭. પહેલો એક બાદ કર્યો. હવે કેટલા બાદ કરવા રહ્યા ?
૮. પહેલા બે બાદ કર્યા હવે કેટલા બાદ કરવા ?
૯. ૧, ૨,......૭ માં ત્રણ ઉમેરીએ તો કેટલા થાય ?
૧૦. ૧, ૨, ૩,......૭ માં કેટલા ઉમેરતાં અનુક્રમે ૪, ૫, ૬...૧૦ થાય ?
૧૧. કેટલામાં ૩ ઉમેરતાં અનુક્રમે ૪, ૫......૧૦ થાય ?
૧૨. ૧૦, ૯, ૮,...૩ માંથી કેટલા લેતાં ૭, ૬...૦ રહે ?
૧૩. કેટલામાંથી ૩ લેતાં ૧, ૨,......૭ રહે ?
૧૪. ૧૦, ૯,...૩ માંથી ત્રણ લેતાં શું વધે ? ઇત્યાદિ.

એ ઉપરાંત ઉપરના પાઠ પ્રમાણે વ્યવહારિક સવાલો પણ પૂછવા.

અભ્યાસ પાઠ ૧૫.

૪ ના વિભાગ; ઉમેરવા, તથા બાદ કરવા.

(પહેલાં વસ્તુઓથી, પછી સાદી સંખ્યાથી.)

૧. ત્રણ ને એક? ૨ ને ૨ ? ૧ ને ૩ ?

૨. ૧, ૨, ૩, માં કેટલા ઉમેરતાં ૪ થાય ?
૩. કેટલામાં ૧, ૨, ૩, ઉમેરતાં ૪ થાય ?
૪. ૪ માંથી ૧, ૨, ૩, લેતાં શું વધે ?
૫. કેટલામાંથી ૧, ૨, ૩, લેતાં ૩, ૨, ૧, વધે ?
૬. ૪ માંથી કેટલા લેતાં ૧, ૨, ૩, રહે ?
૭. ૪ ઉમેરવા હોય તો ૧, ૧, એમ કેટલીવાર ઉમેરવા?
૮. ૧, ૨, ૩, ઉમેર્યા પછી કેટલા ઉમેરતાં ૪ ઉમેરાય ?
૯. ૪ બાદ કરવાને ૧, ૨, ૩, બાદ કર્યા પછી કેટલા બાદ કરવા ?
૧૦. ૧, ૨, ૩, ...૬ માં ૪ ઉમેરતાં કેટલા થાય ?
૧૧. ૧, ૨, ૩,...૬ માં કેટલા ઉમેરતાં, ૫, ૬,...૧૦ થાય?
૧૨. કેટલામાં ૪ ઉમેરતાં ૫, ૬,...૧૦ થાય ?
૧૩. ૧૦, ૯,.........૪ માંથી ૪ લેતાં કેટલા રહે ?
૧૪. ૧૦, ૯,......૪ માંથી કેટલા લેતાં ૬, ૫...૦ રહે?
૧૫. કેટલામાંથી ૪ લેતાં ૬, ૫,...૦ રહે ?

એ ઉપરાંત વ્યવહારિક સવાલો પણ પૂછવા.

અભ્યાસ પાઠ ૧૬.

પાંચના વિભાગ; ઉમેરવા, બાદ કરવા.

૪ ના પાઠ પ્રમાણે પ્રથમ વસ્તુઓથી, અને પછી સાદી સંખ્યાથી સવાલો ગોઠવીને પૂછવા. સવાલો પાંચ ને અનુકૂળ કરવા, એટલે પહેલાથી નવમા સવાલ સુધી એકેક સવાલ વધશે. અને દસમા સવાલથી પંદરમા સવાલ સુધી એકેક આંકડો તથા સવાલ ઘટશે. દસથી આગળ જાય એવા સવાલો ન આવવા જોઇએ.

અગિઆરથી વીસ.

સૂચના ૩.

દસની નિશાની છોકરાઓ શીખી ગયા છે. દશમાં એક ઉમેરવાથી ૧૧ થાય, માટે દશકના ડબામાં દશકની એક ડાબડી રાખીને, એકમની ડાબડીમાં ૧ ચકતું મૂકવું; એટલે બધાં મળીને અગિઆર ચકતાં થયાં.

દશકના ડબામાં દશકની એક ડાબડી છે, માટે તે ઉપર એક "૧", અને એકમની ડાબડીમાં એક ચકતું છે, માટે તે ઉપર "૧" એમ લખો, અને પાટીઆ ઉપર પણ ૧૧ લખો.

છોકરાઓને બરાબર સમજણ પાડવા સારૂ નીચેના સવાલો સમજાવવા.

૧. દસમાં એક ઉમેરીએ તો કેટલા થાય ?

૨. દસ કરતાં અગિઆર કેટલા વધારે ?

૩. આ ડાબી તરફ એકડો લખ્યો છે, તે શાને માટે છે?

૪. જમણી તરફનો આંકડો શું બતાવે છે ?

૫. અગિઆરમાં દશકની ડાબડીઓ કેટલી અને છૂટાં ચકતાં કેટલાં ?

૬. એ બધાં ચકતાં એકઠાં કરીને ગણીએ તો કેટલાં થાય?

એ પ્રમાણે ચકતાં ઉમેરતા જવું અને નીચે પ્રમાણે બોલતાં અને લખતાં શીખવવું.

દસ ને બે તે બાર, ૧૨.
બાર તે એક દશક ને બે.
દશ ને ત્રણ તે તેર. ૧૩.
તેર તે એક દશક ને ત્રણ.

દશ ને ચાર તે ચૌદ, ૧૪.
ચૌદ તે એક દશક ને ચાર.
દશ ને પાંચ તે પંદર, ૧૫.
પંદર તે એક દશક ને પાંચ.
દશ ને છ તે સોળ, ૧૬.
સોળ તે એક દશક ને છ.
દશ તે સાત તે સત્તર, ૧૭.
સત્તર તે એક દશક ને સાત.
દશ ને આઠ તે અઢાર, ૧૮.
અઢાર તે એક દશક ને આઠ.
દશને નવ તે ઓગણીસ, ૧૯.
ઓગણીસ તે એક દશક ને નવ.

પછી એક ઉમેરતાં કહેવું કે એકમના ખાનામાં નવથી વધારે સમાય નહિ, માટે એ દશ ચકતાં થયાં, તે દશકની ડાબડીમાં ભરીને તે ડાબડી દશકના ડબામાં મૂકવી. તે 'વીસ' થયા, અને દશકની ડાબડીઓ બે થઇ માટે દશકના ડબા ઉપર બે "૨", અને એકમના ખાનામાં કંઇ ન રહ્યું માટે ત્યાં "૦" લખીને તેજ પ્રમાણે પાટીઆ ઉપર લખી બતાવવું.

પછી ઉપર બતાવ્યા પ્રમાણે ઉલટ સુલટ સવાલો પૂછીને છોકરાઓની ખાત્રી કરવી કે, ૨ એટલે દશકની ડાબડીઓ ૨, અને એકમમાં શૂન્ય એટલે એકે નહિં.

અભ્યાસ પાઠ ૧૭. દસથી વીસ.

(ખપ પડે તો વસ્તુઓ લેવી)

૧. "૧૫" એટલે દસ ઉપર કેટલા ?
૨. ૧૮ માં દશક કેટલા અને એકમ કેટલા ?
૩. ૨૦ માં દશકની ડાબડીઓ કેટલી અને છૂટા કેટલા?

૪. દસ ઉપર ૭ હોય તે કેટલા, અને તે સંખ્યા શી રીતે લખાય ?

૫ દસમાં બે ઉમેરીએ તો કેટલા થાય ?

૬. અગિઆરથી વીસ સુધી અનુક્રમે બોલી જાઓ અને લખી જાઓ.

૭. વીસથી દસ સુધી અનુક્રમે અવળા બોલો અને લખો.

૮. ૧૫ થી આઠ સુધી અવળા બોલો અને લખો.

૯. ૪ થી ૧૫ સુધી બોલો અને લખો.

૧૦. કેટલા એકમ હોય ત્યાં સુધી એક આંકડાથી લખાય? કઈ કઈ રકમોમાં બે આંકડામાંનો પહેલો અંક એકડો આવે ?

અભ્યાસ પાઠ ૧૮.

૧૧થી વીસની અંદર પાંચ સુધી ઉમેરવું

(પ્રથમ વસ્તુઓથી; પછી સાદી સંખ્યા.)

૧. ૧૦ + ૧ ? ૧૧ + ૧ ?......૧૯ + ૧ સુધી.
૨. ૧૦ + ૨ ? ૧૧ + ૨ ?......૧૮ + ૨ સુધી.
૩. ૧૦ + ૩ ? ૧૧ + ૩ ?......૧૭ + ૩ સુધી.
૪. ૧૦ + ૪ ? ૧૧ + ૪ ?......૧૬ + ૪ સુધી.
૫ ૧૦ + ૫ ? ૧૧ + ૫ ?......૧૫ + ૫ સુધી.
૬. કેટલામાં ૧ ઉમેરતાં, ૧૧, ૧૨,......૨૦ થાય ?
૭. ,, ૨ ,, ૧૨, ૧૩,......૨૦ થાય ?
૮. ,, ૩ ,, ૧૩, ૧૪, ...૨૦ થાય ?
૯. ,, ૪ ,, ૧૪, ૧૫,......૨૦ થાય ?
૧૦. ,, ૫ ,, ૧૫, ૧૬,......૨૦ થાય ?

૧૧. ૧૦ માં કેટલા ઉમેરીએ તો ૧૧, ૧૨,...૧૫ થાય ?
૧૨. ૧૧ માં „ „ ૧૨, ૧૩,...૧૬ થાય ?
૧૩. ૧૨ માં „ „ ૧૩, ૧૪,...૧૭ થાય ?
૧૪. ૧૩ માં „ „ ૧૪, ૧૫,...૧૮ થાય ?
૧૫. ૧૪ માં „ „ ૧૫, ૧૬,...૧૯ થાય ?
૧૬ ૧૫ માં „ „ ૧૬, ૧૭,...૨૦ થાય ?
૧૭ ૧૬ માં „ „ ૧૭, ૧૮,...૨૦ થાય ?
૧૮ ૧૭ માં „ „ ૧૮, ૧૯, ૨૦ થાય ?
૧૯ ૮ માં „ „ ૧૯, ૨૦, થાય ?
૨૦. ૧૯ માં „ „ ૨૦ થાય ?

અભ્યાસ પાઠ ૧૯.

પાંચ સુધી બાદ કરવા.

૨૧ ૨૦−૧ ? ૧૯−૧ ?.........૧૧−૧ ?
૨૨. ૨૦−૨ ? ૧૯−૨ ?.........૧૨−૨ ?
૨૩. ૨૦−૩ ? ૧૯−૩ ?.........૧૩−૩ ?
૨૪. ૨૦−૪ ? ૧૯−૪ ?.........૧૪−૪ ?
૨૫. ૨૦−૫ ? ૧૯−૫ ?.........૧૫−૫ ?
૨૬. ૨૦ માંથી કેટલા લેતાં ૧૯, ૧૮,.........૧૫ રહે ?
૨૭. ૧૯ માંથી „ „ ૧૮, ૧૭,.........૧૪ રહે ?
૨૮. ૧૮ માંથી „ „ ૧૭, ૧૬,.........૧૩ રહે ?
૨૯ ૧૭ માંથી કેટલા લેતાં ૧૬, ૧૫,......૧૨ રહે ?
૩૦. ૧૬ „ „ ૧૫, ૧૪,..... ૧૧ રહે ?
૩૧. ૧૫ „ „ ૧૪, ૧૩......૧૦ રહે ?
૩૨. ૧૪ „ „ ૧૩, ૧૨......૧૦ રહે ?
૩૩ ૧૩ „ „ ૧૨, ૧૧, ૧૦ રહે ?
૩૪. ૧૨ „ „ ૧૧, ૧૦ રહે ?

૩૫ ૧૧ માંથી કેટલા લેતાં ૧૦ રહે ?
૩૬. કેટલામાંથી ૧ લેતાં ૧૯, ૧૮.........૧૦ રહે ?
૩૭. ,, ૨ ,, ૧૮, ૧૭.........૧૦ રહે?
૩૮. ,, ૩ ,, ૧૭, ૧૬.........૧૦ રહે?
૩૯. ,, ૪ ,, ૧૬, ૧૫.........૧૦ રહે?
૪૦. ,, ૫ ,, ૧૫, ૧૪.........૧૦ રહે ?

અભ્યાસ પાઠ ૨૦. વ્યવહારિક.

૧. ૧૧ લખોટીઓમાં ૫ ઉમેરીએ તો કેટલી થાય ?

૨. હાલ મારો ભાઇ બાર વરસનો છે. કેટલાં વરસમાં ૧૭ વરસનો થશે?

૩. ૧૫ ખુરસીઓમાંથી ૪ ભાગી ગઇ. કેટલી રહી ?

૪. ગાયોને ભેંસો મળીને ૧૯ ઢોર છે. તેમાં ૩ ભેંસો છે ગાયો કેટલી ?

૫. ૧૭ પતાસાંમાંથી કેટલાં આપી દઉં તો ૧૩ રહે ?

૬. મને બાપાએ ૧૨ પૈસા આપ્યા, ને કાકાએ ૩ આપ્યા: મારી પાસે બધા મળીને કેટલા પૈસા થયા ?

૭. મેં પાંચ પેનો વાપરી, તોપણ મારી પાસે ૧૪ રહી. પહેલાં મારી પાસે કેટલી પેનો હતી ?

૮. ૧૬ પતંગોમાંથી ૩ ગયા. હવે કેટલા રહ્યા ?

૯. મારે ૧૮ લખોટીઓનો ખપ છે. તેમાંથી ૧૪ લાવ્યો. હવે કેટલી લાવવી રહી ?

૧૦ મને બીજી ૩ ટોપીઓ મળે તો મારી પાસે બધી મળીને ૧૪ ટોપીઓ થાય. મારી પાસે હાલ કેટલી છે?

ગુણાકાર. ભાગાકાર. આંક.

*સૂચના ૪.

પહેલો દુ નો પાઠ સ્પષ્ટ રીતે આપ્યો છે. તેજ પ્રમાણે તેજ સવલોથી બીજા પાઠ તૈયાર કરી શિક્ષકે શીખવવા. દરેકના જૂદા પાઠ ચોપડીમાં આપવાથી માત્ર તેજ શબ્દોનું પુનરાવર્તન થાય છે, માટે આપ્યા નથી; પણ શિક્ષકે દરેક પાઠ દુ પ્રમાણે બરાબર શીખવવો વીસ સુધી શીખેલાને દુનો આંક (એથી ગુણવા અને ભાગવા) બસ થશે. બીજા આંકના પાઠ સો સુધી સંખ્યા શીખ્યા બાદ શીખવવાના છે.

અભ્યાસ પાઠ ૨૧. દુ. ૨.

૧. દુ એટલે શું? કેટલાની ઢગલી તે દુ?

૨. આ ઢગલીમાંથી બબ્બે ચકતાંની જૂદી જૂદી દસ ઢગલીઓ કરો, અને બીજાં વેગળાં મૂકો.

૩. તેમાંથી એક ઢગલી લઇએ તો હાથમાં કેટલાં આવે?

૪. એક ઢગલી મેં લીધી. હવે બીજી ઢગલી લઉં તો મારા હાથમાં કેટલાં થાય?

૫. બે ને બે કેટલા?

૬. બે વાર બે બે લઇએ તો કેટલા થાય?

૭. બે દુ કેટલા?

૮. કેટલીવાર બબ્બે લઇએ તો ૪ થાય? કેટલા દુ ૪?

૯. ચકતાંની સરખી બે ઢગલીઓ લીધી ને ૪ થયાં, દરેક ઢગલીમાં કેટલાં હતાં?

૧૦. હવે હું ત્રીજી ઢગલી લઉં છું. મારા હાથમાં કેટલાં થયાં?

૧૧. ૨+૨+૨ તે કેટલા?

૧૨. ત્રણ વાર બબ્બે લઇએ તો કેટલા થાય?

૧૩. ત્રણ દુ કેટલા?

૧૪. કેટલી વાર બબ્બે લઇએ તો ૬ થાય ?
૧૫ ૬ ની ત્રણ સરખી ઢગલીઓ કરી. દરેક ઢગલીમાં કેટલાં છે ?

૧૬. હવે બબ્બેની ચાર ઢગલીઓ એકઠી કર, કેટલાં થયાં?
૧૭. ૨ + ૨ + ૨ + ૨ કેટલા ?
૧૮. ચારવાર બે લઇએ તો કેટલા થાય ?
૧૯. ચાર દૂ કેટલા ?
૨૦. કેટલીવાર બબ્બે લઇએ તો ૮ થાય ?
૨૧. ૮ ની બબ્બેની ઢગલીઓ કરીએ તો કેટલી થાય ?
૨૨. ૮ ની ચાર સરખી ઢગલીઓ કરી. દરેક ઢગલીમાં કેટલા છે ?

એ પ્રમાણે ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ઢગલીઓ લેતા જવું. દરેકને માટે ઉપર પ્રમાણે છ સવાલો પૂછવા, અને તે પક્કા ઠસાવવા.

અભ્યાસ પાઠ ૨૨

૧. એક દૂ ? બે દૂ ? ત્રણ દૂ ? ચાર દૂ ? પાંચ દૂ ? દસ દૂ સુધી બોલી જાઓ.
૨. એકવાર બે લઇએ તો કેટલા થાય ? બેવાર બે લઇએ તો કેટલા થાય ? (દસવાર બે સુધી.)
૩. કેટલીવાર બે લઇએ તો ૨, ૪, ૬, ૮, ૧૦, ૧૨, ૧૪, ૧૬, ૧૮, ૨૦, થાય ?
૪. બબ્બેની કેટલી ઢગલીઓ એકઠી કરીએ તો ૧૮, ૧૬, ૧૨, ૮, ૧૦, ૬, ૨૦, ૧૪, ૨, ૪, થાય ?
૫. કેટલા દૂ ૧૦, ૧૨, ૧૪, ૮, ૬, ૪, ૧૬, ૨, ૨૦, ૧૮ ?
૬. ૪ ની બે ઢગલીએ, ૬ ની ૩, ૮ ની ૪, ૨૦ ની ૧૦, સરખી ઢગલીઓ કરીએ, તો દરેક ઢગલીમાં કેટલા હોય ?

અભ્યાસ પાઠ ૨૩. એકી, બેકી.

(બબે વહેચતાં ૧ વધે તે એકી; કાંઇ ન વધે ને પહોંચી રહે, તે બેકી)

૧. આ દસ પૈસા છે તે લે, ને દરેક છોકરાને બબે આપ. પહોંચી રહ્યા કે વધ્યા? કેટલા વધ્યા? (કંઇ ન વધ્યું, માટે તે બેકી કહેવાય.)

૨. હવે ૯ પૈસા લે, ને દરેક છોકરાને બબે વહેંચ. તારા હાથમાં છેવટે કેટલા વધે છે? (એક વધ્યો, માટે તે એકી કહેવાય.)

૩. હવે ૮ લે, અને તેજ પ્રમાણે બબે વહેંચ. કેટલા વધે? (કાંઈ નહિ. માટે આઠ બેકી કહેવાય.)

૪. ૭ લઇને બબે વહેચતાં કેટલા વધે? (એક. માટે ૭ એકી કહેવાય.)

૫. એજ પ્રમાણે ૬, ૫, ૪, ૩, ૨, ૧, લઇને બબે વહેંચો, અને કેટલા વધે છે તે જુઓ; અને તે સંખ્યાઓ એકી કે બેકી તે કહો.

૬. ૩ એકી કે બેકી? ૫? ૮? ૭? ૧૦? ૪? ૬?

૭. એકથી દસ સુધી અનુક્રમે બેકીના આંકડા બધા બોલી જાઓ.

૮. એકથી દસ સુધી એકીના આંકડા બોલી જાઓ.

૯. ૧૦ થી ૨૦ સુધી બેકીના આંકડા બોલી જાઓ.

૧૦. ૧૦ થી ૨૦ સુધી એકીના આંકડા બોલી જાઓ.

અભ્યાસ પાઠ ૨૪. વ્યવહારિક.

૧. દરેક માણસને ૨ હાથ હોય છે. પાંચ માણસના એકઠા ગણીએ તો કેટલા હાથ થાય? ૭ ના કેટલા? ૧૦ ના કેટલા?

૨. મને ૭ વાર બબ્બે પતાસાં મળ્યાં, બધાં મળીને કેટલાં થયાં ? નવ વાર બબ્બે મળે તો કેટલાં થાય ?

૩. હું ૬ વાર બબ્બે પેનો આ વરસમાં લાવ્યો; અને તે વાપરી નાંખી. બધી મળીને આ વરસમાં મેં કેટલી વાપરી ?

૪. ૧૦ બોર છે. હું બબ્બે વહેંચું તો કેટલા જણને પહોંચે?

૫. ૧૮ કેરીઓ હતી, તે ૯ જણને સરખે હિસ્સે વહેંચી. દરેકને કેટલી આવી ?

૬. ૧૬ ચકતાં છે; તેની બબ્બેની ઢગલીઓ કરીએ, તો કેટલી ઢગલીઓ થાય ?

૭. ૧૧ લખોટીઓ છે. તેની બબ્બેની ઢગલીઓ કેટલી થાય ને કેટલી વધે? ૧૧ તે એકી કે બેકી ?

૮. ૧૩, ૧૫, ૧૭, એ એકી કે બેકી ?

૯. દશકની ડાબડીમાં ચકતાંછે, તે સંખ્યા એકી કે બેકી ?

૧૦. એકથી વીસ સુધી એકીના આંકડા બોલી જાઓ.

૧૧. એકથી વીસ સુધી બેકીના આંકડા બોલી જાઓ.

૧૨. ૫ છોકરાઓને બબ્બે પતાસાં આપ્યાં. બધાં મળીને કેટલાં પતાસાં આપ્યાં ?

૧૩. ૭ છોકરાઓને બબ્બે પતાસાં આપું તો બરાબર પહોંચી રહે છે. કેટલાં પતાસાં છે ?

૧૪. મારી પાસે ૧૫ પૈસા છે. મારે પાંચ છોકરાં છે. દરેકને ત્રણ ત્રણ પૈસા આપું તો કેટલા વધશે?

૧૫. એક પૈસાની ૨, એ પ્રમાણે ગણીને ૧૨ પેનો લીધી. કેટલા પૈસા ખર્ચ થયા ?

૧૬. ૧૪ પેનોના ૭ પૈસા બેઠા. એક પૈસાની કેટલી મળી?

એકવીસથી સો સુધી.

સૂચના ૫.

વીસ ક્યારે થાય અને કેમ લખાય તે વાત આગળ આવી ગઈ; દશકના ડબામાં બે ડાબડીઓ અને એકમની ડબીમાં કાંઈ નહિ, અથવા '૨૦' એમ લખાય છે, એટલે બે દશક તે ૨૦, એમ છોકરાઓ સમજે છે; હવે આગળઃ-

બે દશક તે વીસ ૨૦,
વીસને એક, તે એકવીસ, ૨૧,
એકવીસ, તે બે દશકને એક.
વીસને બે, તે બાવીસ, ૨૨,
બે દશક ને બે, તે બાવીસ.

એ પ્રમાણે આપેલા નમુના પ્રમાણે ત્રીસ સુધી જવું. પછીઃ-

ત્રણ દશક તે ત્રીસ, ૩૦,
ત્રીસને એક તે એકત્રીસ, ૩૧,
એકત્રીસ તે ત્રણ દશકને એક.

એ પ્રમાણે ચાલીસ સુધી જવું. તેમજ,

ચાર દશક તે ચાળીસ, ૪૦,
પાંચ દશક તે પચાસ, ૫૦,
છ દશક તે સાઠ, ૬૦,
સાત દશક તે સીતેર, ૭૦,
આઠ દશક તે એશી, ૮૦,
નવ દશક તે નેવુ, ૯૦,
દશ દશક તે સો, ૧૦૦,

સુધી જવું. દરેક દશકનો પાઠ ચઢતાં ઉમેરતા જઇને અગિઆરથી વીસને માટે આપેલી સૂચના પ્રમાણે બરાબર શીખવવો.

ખસૂસ કરીને ૨૯, ૩૯, ૪૯, ૫૯, ૬૯, ૭૯, ૮૯, ૯૯, એ સંખ્યાંઓનાં નામ છોકરાઓને બરાબર મનમાં ઠસાવવાં. કારણ કે ૧૯ થી ૭૯ સુધીનાં નામ તેનાથી આગળ આવનારા દશક ઉપરથી પડે છે; જેમકે ઓગણપચાસ એટલે ૫૦ માં એક ઓછો. પરતુ ૮૯, અને ૯૯ એ બે નામો પોતાનાજ દશક ઉપરથી પડેલાં છે; જેમકે નવ્યાશી એટલે ૮૦ અને ૯.

૯૯ સુધી આવ્યા પછી ૧૦૦ ની નિશાની શીખવવી, તે નીચે પ્રમાણે:-

"૯૯ માં એક ઉમેરવાથી ૧૦૦ થાય છે. પણ એકમના ખાનામાં ૯ તો છે, અને તેથી વધારે માય નહીં, માટે એ દસે એકમ એકઠા કરી એક દશકની ડાબડી ભરૂંછું. અને તે દશકની ડાબડી દશકના ડબામાં મૂકવી જોઇએ. પણ તેમાં ૯ ડાબડીઓ તો છે, અને દસમીનો સમાસ નથી; માટે દસે ડાબડી એક જૂદી પેટીમાં ભરવી પડશે. આ પેટીમાં દસ દશકની ડાબડીઓ બરાબર સમાય છે; તેમાં તે ભરૂંછું, તેનું નામ "સોની પેટી." તેને મૂકવાને તેવી નવ પેટીઓ માય તેવો એક મોટો ડબો (સો રાખવાનો અથવા શતકનો ડબો) લઉંછું, તેને દશકના ડબાની ડાબી તરફ મૂકુંછું, અને તેમાં તે સોની પેટી મૂકુંછું. તે મોટા ડબાની બાહાર એકડો લખુંછું, કારણકે તેમાં સોની એક પેટી છે. દશકના ડબામાં કાંઈ નથી, માટે ત્યાં મીંડું, અને એકમના ડબામાં કાંઈ નથી, માટે ત્યાં પણ મીંડું મૂ-

કરવું; એટલે એકડો, મીડું, ને મીડું, એમ લખાશે." તે પછી પાટીઆ ઉપર લખી બતાવવું, અને છોકરાઓના મનમાં એ ત્રણે આંકડાઓનો અર્થ બરાબર ઠસાવવો.

અભ્યાસ પાઠ ૨૫.

(૧ થી ૧૦૦ સુધી બોલવા તથા લખવાનો મહાવરો કરાવવો)

નમુનો.

બે દશક તે વીસ,
બગડે મીડે વીસ, ૨૦.

વીસ ને એક એકવીસ,
બગડે એકડે એકવીસ, ૨૧,
એકવીસ તે બે દશક ને એક.

વીસને બે બાવીસ,
બે બગડે બાવીસ, ૨૨,
બાવીસ તે બે દશકને બે.

નેવુ ને નવ નવાણું,
બે નવડે નવાણું, ૯૯,
નવાણું તે નવ દશક ને નવ.

નેવુ ને દસ સો,
એકડે બે મીડે સો, ૧૦૦,
સો એટલે દશ દશકા પૂરા.

એ પ્રમાણે એકથી સો સુધી દરેક સખ્યાને માટે શીખવવું. દરેક વખતે એકતું ઉમેરીને નવી સંખ્યા ઉપજાવવી.

૧૧ થી ૧૦૦ સુધી સંખ્યા.

૧૧	૨૧	૩૧	૪૧	૫૧	૬૧	૭૧	૮૧	૯૧
૧૨	૨૨	૩૨	૪૨	૫૨	૬૨	૭૨	૮૨	૯૨
૧૩	૨૩	૩૩	૪૩	૫૩	૬૩	૭૩	૮૩	૯૩
૧૪	૨૪	૩૪	૪૪	૫૪	૬૪	૭૪	૮૪	૯૪
૧૫	૨૫	૩૫	૪૫	૫૫	૬૫	૭૫	૮૫	૯૫
૧૬	૨૬	૩૬	૪૬	૫૬	૬૬	૭૬	૮૬	૯૬
૧૭	૨૭	૩૭	૪૭	૫૭	૬૭	૭૭	૮૭	૯૭
૧૮	૨૮	૩૮	૪૮	૫૮	૬૮	૭૮	૮૮	૯૮
૧૯	૨૯	૩૯	૪૯	૫૯	૬૯	૭૯	૮૯	૯૯
૨૦	૩૦	૪૦	૫૦	૬૦	૭૦	૮૦	૯૦	૧૦૦

અભ્યાસ પાઠ ૨૬.

૧૧ થી ૨૦ સુધીને માટે આપેલા નમુના પ્રમાણે પાંચ સુધી ઉમેરવા તથા બાદ કરવાનો મહાવરો કરાવવો. (એક દશકમાંથી બીજા દશકમા ગયા વિના.)

અભ્યાસ પાઠ ૨૭.

૧. ૨૫+૫ ? ૩૨+૪ ? ૫૬+૨ ? ૬૭+૩ ? ૯૬+૪?

૨. કેટલામાં ૩ ઉમેરતાં ૪૩, ૯૬, ૮૪, ૬૬, ૩૯ થાય?
૩. કેટલામાંથી ૪ લેતાં ૨૪, ૫૧, ૭૪, ૮૬, ૯૧ રહે?
૪. ૫૨–૨ ? ૬૫–૪ ? ૨૬–૫ ? ૮૫–૩ ? ૪૬–૧ ?
૫. ૫૧ માં કેટલા ઉમેરતાં ૫૫ થાય ?
૬. ૩૬ માંથી કેટલા લેતાં ૩૩ રહે ? ૩૩ ને કેટલા ૩૬?
૭. ૭૯ થી અકેકો બાદ કરીને ૫૨ સુધી બોલી જાઓ.
૮. ૩૬ થી ૭૨ સુધી અકેક ઉમેરીને બોલી જાઓ.
૯. ૫૧ થી ૫૯ સુધી બબે ઉમેરતા જાઓ અને બોલો.
૧૦. ૯૯ થી ૯૧ સુધી બબે બાદ કરીને બોલી જાઓ.
૧૧. ૭૬ ઘરમાંથી ૪ પડી ગયાં. કેટલાં રહ્યાં ?
૧૨. કલાસમાં ૩૬ છોકરાઓ હતા. અને આજ ૪ દાખલ થયા. હવે કલાસમાં કેટલા છોકરા થયા ?
૧૩. ૪૫ બળદ હતા ને ૩ નવા આવ્યા. કેટલા થયા ?
૧૪. આ નિશાળમાં બીજા ૫ છોકરા આવે તો ૭૯ થાય. હાલ કેટલા છે ?
૧૫ એક રબારીના વાડામાંથી ૪ ઢોર ચોરાયાં, તોપણ ૯૪ રહ્યાં. તેની પાસે કેટલાં હતાં ?

અભ્યાસ પાઠ ૨૮.

૭ ના વિભાગ; ઉમેરવા, ને બાદ કરવા.

અભ્યાસ પાઠ ૧૪ અને ૧૫ પ્રમાણે.

અભ્યાસ પાઠ ૨૯.

સાતના વિભાગ; ઉમેરવા, ને બાદ કરવા.

અભ્યાસ પાઠ ૧૪ અને ૧૫ પ્રમાણે.

અભ્યાસ પાઠ ૩૦.

આઠના વિભાગ; ઉમેરવા, ને બાદ કરવા.

અભ્યાસ પાઠ ૧૪ અને ૧૫ પ્રમાણે.

અભ્યાસ પાઠ ૩૧.

નવના વિભાગ; ઉમેરવા, ને બાદ કરવા.

અભ્યાસ પાઠ ૧૪ અને ૧૫ પ્રમાણે.

અભ્યાસ પાઠ ૩૨.

૧૦ ના વિભાગ; ઉમેરવા, ને બાદ કરવા.

અભ્યાસ પાઠ ૧૪ અને ૧૫ પ્રમાણે. વીશેષમાં એમ શીખવવું કે દસ ઉમેરવા હોય તો સૌથી સહેલો રસ્તો એ છે કે દશકની ડાબડી એક દશકના ડબામાં ઉમેરવી.

પાંચમાં દસ ઉમેરવા હોય તો એકમની ડાબડીમાં પાંચ ચકતાં કાયમ રાખી દશકની ડાબડી એક ભરીને દશકના ડબામાં મૂકવી એટલે પંદર થશે.

અભ્યાસ પાઠ ૩૩. વ્યવહારિક.

૧. મારે ૯ સોપારી લેવાં છે; પહેલાં ૨ લીધાં, હવે કેટલાં લેવાં બાકી રહ્યાં?

૨. મેં ૩ પતાસાં પહેલાં લીધાં, અને પછી બીજાં ૭ લીધાં; કેટલાં થયાં?

૩. મારી પાસે ૮ પેનો હતી, તેમાંથી વાપરતાં વાપરતાં ૨ રહી કેટલી, વાપરી?

૪. ૭ પૂછડીઓમાંથી ૩ કપાવી; કેટલી રહી?

૫. તું ૩ વરસનો છે, તારો ભાઈ ૯ વરસનો છે. તારા કરતાં તારો ભાઈ કેટલે વરસે મોટો?

૬. પહેલી હારમાં બીજા ૬ છોકરા બેસે તો ૧૦ થાય; હાલ કેટલા બેઠા છે?

૭. ૫ બારીઓ બંધ છે, અને ૫ ખુલ્લી છે; બધી મળીને કેટલી છે?
૮. કેટલામાં ૩ ઉમેરીએ તો ૮ થાય?
૯. ૩ માં ૬ ઉમેરીએ તો કેટલા થાય?
૧૦. ૨ માં કેટલા ઉમેરીએ તે ૯ થાય?
૧૧. કેટલામાં ૪ ઉમેરતાં દસ થાય?
૧૨. ૧૦ માંથી ૮ લેતાં કેટલા રહે?

અભ્યાસ પાઠ ૩૪. ૧૦ થી ૨૦ સુધી.

તેજ દશકમાં ૧ થી ૧૦ સુધી ઉમેરતાં શીખવવાનો નમુનો.

(ખપ પડે તો વસ્તુઓ લેવી)

(પાંચ સુધી આગળ ઉમેરેલા અને બાદ કરેલા છે. તો પણ પૂરા નમુના માટે ફરીથી ૧થી દશ સુધી આપીએ છીએ.

૧. ૧૦ + ૧? ૧૧ + ૧? ૧૨ + ૧? ૧૯ + ૧ સુધી.
૨. ૧૦ + ૨? ૧૧ + ૨? ... ... ૧૮ + ૨ સુધી.
૩. ૧૦ + ૩? ૧૧ + ૩? ... ... ૧૭ + ૩ સુધી.
૪. ૧૦ + ૪? ૧૧ + ૪? ... ... ૧૬ + ૪ સુધી.
૫. ૧૦ + ૫? ૧૧ + ૫? ... ... ૧૫ + ૫ સુધી.
૬. ૧૦ + ૬? ૧૧ + ૬? ... ... ૧૪ + ૬ સુધી.
૭. ૧૦ + ૭? ૧૧ + ૭? ... ... ૧૩ + ૭ સુધી.
૮. ૧૦ + ૮? ૧૧ + ૮? ... ... ૧૨ + ૮ સુધી.
૯. ૧૦ + ૯? ૧૧ + ૯?
૧૦. ૧૦ + ૧૦?

અભ્યાસ પાઠ ૩૫. ૧૦ થી ૨૦. નમુનો.

૧. ૧૦ માં કેટલા નાંખીએ તો ૧૧, ૧૨,......૨૦ થાય?
૨. ૧૧ માં કેટલા નાંખીએ તો ૧૨, ૧૩,......૨૦ થાય?
૩. ૧૨ માં કેટલા નાંખીએ તો ૧૩, ૧૪,......૨૦ થાય?

એ પ્રમાણે આગળ વધવું. છેલ્લો સવાલ:—

૧૦. ૧૯ માં કેટલા નાંખીએ તો ૨૦ થાય?

અભ્યાસ પાઠ ૩૬. ૧૦ થી ૨૦. નમુનો.

૧. કેટલામાં ૧ નાંખીએ તો ૧૧, ૧૨,... ..૨૦ થાય?
૨, કેટલામાં ૨ નાંખીએ તો ૧૨, ૧૩,......૨૦ થાય?
૩. કેટલામાં ૩ નાંખીએ તો ૧૩, ૧૪,......૨૦ થાય?

....

૧૦. કેટલામાં ૧૦ નાંખીએ તો ૨૦ થાય ?

અભ્યાસ પાઠ ૩૭. નમુનો.

૧. ૨૦—૧ ? ૧૯—૧ ?......૧૧–૧ સુધી.
૨. ૨૦—૨ ? ૧૯—૨ ?......૧૨–૨ સુધી.
૩. ૨૦—૩ ? ૧૯—૩ ? ....૧૩–૩ સુધી.

....

૧૦. ૨૦—૧૦ ?

અભ્યાસ પાઠ ૩૮. નમુનો.

૧. ૨૦ માંથી કેટલા લઇએ તો ૧૯, ૧૮,......૧૦ રહે?
૨. ૧૯ માંથી કેટલા લઇએ તો ૧૮, ૧૭,......૧૦ રહે?
૩. ૧૮ માંથી કેટલા લઇએ તો ૧૭, ૧૬,......૧૦ રહે?

....

૧૦. ૧૧ માંથી કેટલા લઇએ તો ૧૦ રહે ?

અભ્યાસ પાઠ ૩૯. નમુનો.

૧. કેટલામાંથી ૧, ૨, ...૧૦ લેતાં ૧૦ રહે ?
૨. કેટલામાંથી ૧, ૨,...... ૯ લેતાં ૧૧ રહે ?
૩. કેટલામાંથી ૧, ૨, ... ૮ લેતાં ૧૨ રહે ?

....

૧૦. કેટલામાંથો ૧, લેતાં ૧૯ રહે ?

એકમમાંથી દશકમાં જવાય તેવા.

*સુચના ૪.

૧. ૭ માં ૬ ઉમેરીએ તો કેટલા થાય ?

અ. સાત ચકતાંમાં ૬ વાર એકએક ઉમેરીને તેર સુધી જવું. પછી તેરમાં કેટલા દશક ને એકમ છે તે સમજાવવું.
બ. સાતમાં કેટલા નાંખવાથી દશક પૂરો થાય છે? ત્રણ. ત્રણ ઉમેરવાથી દશક પૂરો થયો. હવે કેટલા ઉમેરવા બાકી રહ્યા? ત્રણ. માટે એક દશક, અને ત્રણ; અથવા તેર.†

૨. ૧૨ માંથી ૫ લઈએ તો કેટલા રહે ?

અ. દશકની ડાબડી છોડી નાંખીને એકમ એકઠા કરો; પછી ૫ લેવાને ૫ વાર એકેક લેવો, એટલે ૭ રહ્યા.
બ. ૧૨ એટલે દશકની એક ડાબડી અને ૨ છૂટા છે; તેમાંથી પહેલા છૂટા ૨ લેતાં દશક પૂરો રહ્યો; હવે વધારાના ૩ લેવા રહ્યા; માટે દશકની ડાબડી છોડીને તેમાંથી ત્રણ લ્યો, એટલે ૭ રહ્યા.*

---

† આ બીજી રીત ના યુરોપના દેશોનાં પુસ્તકોમાં જોવામાં આવે છે; પરંતુ પહેલી રીત સરળ લાગે છે.

* દેશી જૂની રીત બાદબાકીમાં પણ સરવાળાનોજ ઉપયોગ કરવાની છે. ૧૨ માંથી ૮ જાય તો કેટલા રહે? આવા હિસાબમાં ૮ ને કેટલા ૧૨? એવો મહાવરો કરાવી ૮ થી ૧૨ સુધી જતાં શીખવે છે; પણ ૧૨ થી ૮ સુધી પાછા આવવાનું શીખવતા નથી. એ રીત છોકરાંઓને વધારે સરળ પડે છે ખરી, કારણ કે સંખ્યામાં ચઢવાનો જેટલો અભ્યાસ થાય છે, તેટલો ઉતરવાનો થતો નથી.

સરવાળાનો કોઠો. મહાવરા માટે.

એક	ને	એક	બે	એક	ને	બે	ત્રણ	એક	ને	ત્રણ	ચાર	એક	ને	ચાર	પાંચ
૨	ને	૧	૩	૨	ને	૨	૪	૨	ને	૩	૫	૨	ને	૪	૬
૩	ને	૧	૪	૩	ને	૨	૫	૩	ને	૩	૬	૩	ને	૪	૭
૪	ને	૧	૫	૪	ને	૨	૬	૪	ને	૩	૭	૪	ને	૪	૮
૫	ને	૧	૬	૫	ને	૨	૭	૫	ને	૩	૮	૫	ને	૪	૯
૬	ને	૧	૭	૬	ને	૨	૮	૬	ને	૩	૯	૬	ને	૪	૧૦
૭	ને	૧	૮	૭	ને	૨	૯	૭	ને	૩	૧૦	૭	ને	૪	૧૧
૮	ને	૧	૯	૮	ને	૨	૧૦	૮	ને	૩	૧૧	૮	ને	૪	૧૨
૯	ને	૧	૧૦	૯	ને	૨	૧૧	૯	ને	૩	૧૨	૯	ને	૪	૧૩
૧૦	ને	૧	૧૧	૧૦	ને	૨	૧૨	૧૦	ને	૩	૧૩	૧૦	ને	૪	૧૪

એક	ને	પાંચ	છ	એક	ને	છ	સાત	એક	ને	સાત	આઠ
૨	ને	૫	૭	૨	ને	૬	૮	૨	ને	૭	૯
૩	ને	૫	૮	૩	ને	૬	૯	૩	ને	૭	૧૦
૪	ને	૫	૯	૪	ને	૬	૧૦	૪	ને	૭	૧૧
૫	ને	૫	૧૦	૫	ને	૬	૧૧	૫	ને	૭	૧૨
૬	ને	૫	૧૧	૬	ને	૬	૧૨	૬	ને	૭	૧૩
૭	ને	૫	૧૨	૭	ને	૬	૧૩	૭	ને	૭	૧૪
૮	ને	૫	૧૩	૮	ને	૬	૧૪	૮	ને	૭	૧૫
૯	ને	૫	૧૪	૯	ને	૬	૧૫	૯	ને	૭	૧૬
૧૦	ને	૫	૧૫	૧૦	ને	૬	૧૬	૧૦	ને	૭	૧૭

એક	ને	આઠ	નવ	એક	ને	નવ	દસ	એક	ને	દસ	અગીયાર
૨	ને	૮	૧૦	૨	ને	૯	૧૧	૨	ને	૧૦	૧૨
૩	ને	૮	૧૧	૩	ને	૯	૧૨	૩	ને	૧૦	૧૩
૪	ને	૮	૧૨	૪	ને	૯	૧૩	૪	ને	૧૦	૧૪
૫	ને	૮	૧૩	૫	ને	૯	૧૪	૫	ને	૧૦	૧૫
૬	ને	૮	૧૪	૬	ને	૯	૧૫	૬	ને	૧૦	૧૬
૭	ને	૮	૧૫	૭	ને	૯	૧૬	૭	ને	૧૦	૧૭
૮	ને	૮	૧૬	૮	ને	૯	૧૭	૮	ને	૧૦	૧૮
૯	ને	૮	૧૭	૯	ને	૯	૧૮	૯	ને	૧૦	૧૯
૧૦	ને	૮	૧૮	૧૦	ને	૯	૧૯	૧૦	ને	૧૦	૨૦

બાદબાકીનો કોઠો. મહાવરા માટે.

